EDII

Sandesh

January 21, 2022
Page No. 02
Of Citylife

# EDIIના પૂર્વ વિદ્યાર્થીને 'ઇન્ડિયાસ ૧૦૦ ગ્રેટ પીપલ મેનેજર્સ ૨૦૨૧'માં સ્થાન મળ્યું

**સિટી લાઈફ :** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)ના પૂર્વ વિદ્યાર્થી દિબ્યજ્યોતિ પટનાયકને તાજેતરમાં ફોર્બ્સ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલ 'ઈન્ડિયાસ ૧૦૦ ગ્રેટ પીપલ મેનેજર્સ ૨૦૨૧'ની યાદીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ર ા ે અ ા ે માઈક્રો ફાઈનાન્સ, માઈક્રો-એન્ટરપાઈઝ ડેવલપમેન્ટ અને ડેવલપમેન્ટ સેક્ટર કન્સલ્ટિંગમાં ૧૬ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. દિબ્યજ્યોતિ ઈડીઆઈઆઈ ખાતે પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ મેનેજમેન્ટ(બેચ ૨૦૦૨-૦૩)ના ભાગરૂપે માઈક્રો-ફાઈનાન્સ અને માઈક્રો એન્ટરપ્રાઈઝ ડેવલપમેન્ટની ગતિશીલતા શીખ્યા પછી પિપલ્સ ફોરમમાં જોડાયા હતા. પીપલ્સ ફોરમ સામજમાં આર્થિક દ્રષ્ટિએ તળિયે રહેલી વ્યક્તિઓની ધિરાણની જરૂરિયાતને પૂરી કરે છે. આ ઉપરાંત તેઓમિશન અન્નપૂર્ણા માઈક્રો ફાઈનાન્સ પ્રોગ્રામ દ્વારા મહિલાઓના ઉત્થાન માટે કામ કર્યું.




નાણાકીય સ્વતંત્રના પ્રોત્સાહન, લોકોને જરૂરી વસ્તુઓ પુરી પાડવી, મહિલા સશક્તિકરણ જેવા મહત્વના ક્ષેત્રમાં યોગદાન, સ્વચ્છતા, આરોગ્ય અને બાળ સુરક્ષા પણ દિવ્યજોયતિના જીવનના અભિયાન બન્યા અને તેઓએ લાખો વંચિતોનું ઉત્થાન કર્યું. આ ઉપરાંત તેમની સંસ્થાએ લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગસાહસોને નાણાકીય ટેકો પૂરો પાડીને તેમની કામગીરીમાં વધારો કર્યો છે.